## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




સર... એમણે તો વિકાસ કર્યા પછી છેલ્લે યોગા કર્યા હતા. તમે તો અમને પહેલા પિરીયડમાં જ યોગા કરાવો છો...!!

# શહેરના સેક્ટર-૪ માં લાઈટ ડુલ : વસાહતીઓ હેરાન

### નવા સેક્ટરમાં સવારથી જ લાઈટના ધાંધિયા શરુ થયા હતા

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર શહેરમાં ગરમી અને બફારાથી નાગરીકો હેરાન પરેશાન થઈ ગયા છે. ગરમીથી રાહત મેળવવા નાગરીકો ઘરમાં પુરાઈ રહે છે. ત્યારે આજે નવા સેકટરમાં ત્રણ થી ચાર વખત લાઈટ જવાના બનાવ બન્યો હતો. પરંતુ ગણતરીની મિનિટમાં લાઈટ આવી ગઈ હતી. પરંતુ સેકટર-૪ માં સવારે ૧૧ કલાકથી લાઈટ ડુલ થઈ હતી તો બપોર સુધી ના આવતા વસાહતી ભાઈ-બહેનો ગરમીથી ત્રાહીમામ પોંકારી ઉઠ્યા હતા. જયારે નાના બાળકો અને વયોવૃધ્ધ નાગરીકોની હાલત કફોડી બની જવા પામી હતી.

ગાંધીનગર શહેરમાં ગરમીનો પારો સતત દિવસે ને દિવસે ઉંચો જાય છે. શહેરમાં અંગ દઝાડતી ગરમીથી નગરજનો હેરાન પરેશાન થઈ ગયા છે. આકાશમાંથી અગનગોળા વરસતા નાગરીકો રીતસરના દાઝી રહ્યા છે. ત્યારે નગરના માર્ગો પણ બપોર થતાં જ સુમસામ બની જવા પામે છે. નગરજનો કામ સિવાય ઘરની બહાર નીકળતા નથી.

નાગરીકો ઘરમાં એસી, પંખા, એરકુલર ચાલુ કરી નાગરીકો ગરમીથી રાહત મેળવી રહ્યા છે. ત્યારે આજે શહેરના નવા સેકટરોમાં સવારના સમયે લાઈટ જવાના કિસ્સા બન્યા હતા. જેમાં કેટલાક સેકટરોમાં ગણતરીની સેકન્ડમાં લાઈટ આવી ગઈ હતી. તો કેટલાક સેકટરોમાં મોટો ફોલ્ટ સર્જાયો હોય તેવું લાગી રહ્યું હતું. સેકટર-૪ સી માં સવારે ૧૧ કલાકના અરસામાં લાઈટ ડુલ થઈ ગઈ હતી તો બપોરના ૪ વાગ્યા સુધી લાઈટ ના આવતા રહીશો હેરાન પરેશાન થઈ ગયા હતા. બપોરની કાળઝાળ ગરમીમાં નાગરીકો શેકાઈ ગયા હતા. કેટલાક નાગરીકો વૃક્ષના છાયલે બેસીને સમય પસાર કર્યો હતો. જયારે નાના બાળકો તેમજ વડીલો ગરમીને પગલે સુઈ પણ શક્યા નહોતા. ગરમીના બફારાના પગલે નાગરીકોની હાલત કફોડી બનતા લાઈટ કયારે આવે તેની રાહ જોઈને બેઠા હતા. તંત્રને પણ જાણ કરતા ટુંક સમયમાં આવી જશે તેવા જવાબો નાગરીકોને સાંભળવા મળ્યા હતા. જયારે સે-૪ ના રહીશો લાઈટ ના હોવાથી કેટલાક આસપાસના સેકટરમાં રહેતા સગા-સ્નેહીજનોના ઘરે જતા રહ્યા હતા.



રમઝાનની નમાઝ : ઈદ ઉલ ફિત્રની ઉજવણીની પૂર્વ સંધ્યાએ ગાંધીનગર - અમદાવાદના મુસ્લિમ બિરાદરોએ રમઝાનના અંતિમ શુક્રવારની નમાઝ ભાવપૂર્વક અદા કરી હતી.



આજરોજ અંબોડ પ્રાથમિક શાળા ખાતે આયોજીત શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ પ્રસંગે અંબોડ તેમજ આનંદપુરા શાળાના તમામ ૨૪૦ વિદ્યાર્થીઓને યુનિફોર્મ, બુટ, ટાઈ અને મોજાનું વિતરણ વાઘેલા સર્વદમનસિંહ પરિવાર તરફથી કરવામાં આવ્યું હતું. વાઘેલા સર્વદમનસિંહ પરિવાર તરફથી અંદાજીત રૂ.૩,૨૪,૦૦૦નું દાન કરવામાં આવ્યું છે. જેને પગલે અંબોડ-આનંદપુરાના તમામ ગ્રામજનો ખુબ-ખુબ અભિનંદન પાઠવે છે.

# આજે શહેરમાં ઈદની ઉલ્લાસભેર ઉજવણી

### ગુરૂવારે ઈદનો ચાંદ ન દેખાતા શનિવારે ઈદની ઉજવણીનો નિર્ણય : રમઝાનના છેલ્લા શુક્રવારે મસ્જીદોમાં ભારે ભીડ

ગુરૂવારે ઈદનો ચાંદ ન દેખાતા શનિવારે ઈદની ઉજવણીનો નિર્ણય લેવાયો છે. તે મુજબ જ ગાંધીનગરમાં શનિવારે ઈદ-ઉલ-ફિત્રની ધામધૂમથી ઉજવણી કરવામાં આવશે. ચરેડી ઈદગાહ અને સેક્ટર-૨૧ની મસ્જીદ ખાતે ઈદની વિશેષ નમાઝ પઢવામાં આવશે.

આખો મહિનો રોઝા રાખ્યા બાદ ઈદનો ચાંદ દેખાતા ઈદની ઉજવણીમાં અનોખો ઉત્સાહ ભળે છે. ગુરૂવારે ઈદનો ચાંદ દેખાવાની અપેક્ષા હતી પરંતુ ગાંધીનગર-અમદાવાદમાં ક્યાંય ચાંદ દેખાયો હોય તેવા સમાચાર મળ્યા ન હતા. ચાંદ ન દેખાતા શુક્રવારે વધુ એક રોઝુ થયુ હતુ. આજે રમઝાન માસના છેલ્લા શુક્રવારે મસ્જીદોમાં ભારે ભીડ જોવા મળી હતી. ત્યારબાદ સાંજે બજારોમાં ઈદની ખરીદી પણ જોવા મળી હતી. ખાસ કરીને રેડીમેડ કપડાંઓ, ચંપલ અને ઘરવખરીની ચીજવસ્તુઓની ખરીદી જામી હતી. શનિવારે ગાંધીનગર સહિત આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં ઈદની ઉલ્લાસભેર ઉજવણી કરવામાં આવશે. ચરેડી ઈદગાહ ખાતે ઈદની મુખ્ય નમાઝ પઢવામાં આવશે. જ્યારે સેક્ટર-૨૧ની મસ્જીદ ખાતે પણ નમાઝ યોજાશે. ઈદગાહ ખાતે સવારે સાડા આઠ વાગે અને સેક્ટર-૨૧ની મસ્જીદ ખાતે સવારે નવ વાગે ઈદની નમાઝ પઢવામાં આવશે. ઈદ-ઉલ-ફિત્રની ઉજવણીના પગલે મસ્જીદોને રોશનીથી શણગારવામાં આવી છે. મુસ્લિમ બિરાદરોના ઘરો પણ સજાવેલા જોવા મળી રહ્યા છે.

# દહેગામ-નરોડા રોડ પર ડમ્પરની અડફેટે બાઈકચાલક યુવાનનું મૃત્યુ

### પરઢોલ પાટિયા પાસે સર્જાયેલા અકસ્માતમાં દહેગામ તાલુકાના ઝાંખ વિસ્તારનો યુવાન મોતને ભેટ્યો

ગાંધીનગર, તા.૧૫

દહેગામ નરોડા હાઈવે ઉપર ગઈકાલે મોડી સાંજે બાઈક લઈને જઈ રહેલા એક યુવાનને બેફામ જતી ડમ્પરે અડફેટે લઈ લેતા બાઈકચાલક યુવાનનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મૃત્યુ નીપજયું હતું. દહેગામ તાલુકાના ઝાંખ વિસ્તારના આ યુવાનના માર્ગ અકસ્માતમાં મૃત્યુની ઘટનાને પગલે ગામમાં શોકની કાલીમાં છવાઈ ગઈ છે. દહેગામ પોલીસે મૃતક યુવાનના કાકાની ફરિયાદને આધારે અજાણ્યા ડમ્પર ચાલક સામે ગુનો દાખલ કરી તેની ધરપકડ માટે ચક્રો ગતિમાન કર્યા છે.

મળતી માહિતી મુજબ દહેગામ તાલુકાના ઝાંખ ગામમાં મોટા ઠાકોર વાસમાં રહેતો ભરત સનાજી ઠાકોર ગઈકાલે મોડી સાંજે તેનું બાઈક લઈને દહેગામ નરોડા હાઈવે ઉપરથી પસાર થઈ રહ્યો હતો ત્યારે હાઈવે ઉપર બેફામ ગતિએ નીકળેલી એક ડમ્પરે બાઈકને જબરજસ્ત ટક્કર મારતા બાઈક ફંગોળાઈને રસ્તા પર પછડાયું હતું. તેની સાથે બાઈક ચાલક યુવાન ભરતજી ઠાકોર પણ રસ્તા વચ્ચે ઢસડાયા હતા અને ગંભીર ઈજાઓ થઈ હતી. અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા ભરતજી ઠાકોરનું ઘટનાસ્થળ પર જ પ્રાણપંખેરૂ ઉડી જવા પામ્યું હતું. જીજે ૩૧ ટી ૬૬૪ નંબરના ડમ્પરના ચાલકે અકસ્માત સર્જીને બાઈક ચાલક યુવાનને મોતને ઘાટ ઉતારી ત્યાંથી રફુચક્કર થઈ ગયો હતો. મૃતક ભરતજી ઠાકોરના કાકા જીગ્નેશભાઈ બાબુજી ઠાકોર એ ડભોડા પોલીસ મથકમાં આ મામલે ડમ્પર ચાલક સામે ફરિયાદ આપતા પોલીસે ગુનો દાખલ કરી તેની ધરપકડ માટે તજવીજ શરૂ કરી છે.



# સાંસદ મનસુખ વસાવાના દોષારોપણથી શિક્ષણ જગતમાં વ્યાપક નારાજગી

### શિક્ષકો જુગાર રમે છે અને દારૂ પીવે છે તેવા સાંસદના નિવેદનને પ્રાથમિક શિક્ષણ સંઘે સખત શબ્દોમાં વખોડી નાખ્યુ છે

ગાંધીનગર, તા. ૧૫

શાળા પ્રવેશોત્સવના કાર્યક્રમમાં સાંસદ મનસુખ વસાવાએ પ્રાથમિક શિક્ષકો જુગાર રમે છે અને દારૂ પીવે છે તેવા આક્ષેપને લઈ શિક્ષણ જગતમાં ભારે આક્રોશ સાથે નારાજગી ફેલાઈ છે. શિક્ષકો ઉપર ખોટુ દોષારોપણ કરવામાં આવે છે તેવુ રાજય પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખે નિવેદનમાં જણાવ્યુ હતુ.

રાજયભરમાં શૈક્ષણિક સત્રનો પ્રારંભ થઈ ગયો છે. શાળાઓમાં બાળકોનો કલરવ ગુંજી રહ્યો છે. રાજય સરકારે પણ શાળા પ્રવેશોત્સવનો સમગ્ર ગુજરાતમાં પ્રારંભ કરાવ્યો છે. દરમિયાન નર્મદા જિલ્લામાં ભરૂચના સાંસદ મનસુખ વસાવાએ શાળા પ્રવેશોત્સવના મંચ પરથી ભાષણમાં કહ્યુ હતુ કે જિલ્લામાં ૭૦ ટકા શિક્ષકો જુગાર રમે છે અને દારૂ પીવે છે. ભારત સરકારના જવાબદાર સાંસદ તરીકે શિક્ષકો માટે થયેલા આ પ્રકારના નિવેદનથી શિક્ષણજગતમાં આક્રોશ સાથે ભારે નારાજગી વ્યાપી છે અને સખત શબ્દોમાં આ નિવેદનને વખોડી નાખ્યુ છે. પ્રામાણિક નિષ્ઠા અને રાષ્ટ્ર ભાવનાથી અંતરીયાળા ગામોમાં પણ શિક્ષણનું કામ કરતા શિક્ષકો ઉપર આ પ્રકારનુ દોષારોપણ યોગ્ય નથી. સાંસદના આ બેજવાબદારીભર્યા નિવેદનથી ગુજરાતના સવા બે લાખ શિક્ષકોની લાગણી દુભાઈ છે તેમ ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ દિગ્વિજયસિંહ જાડેજાએ જણાવ્યું હતુ.

# ગોળવંટા ગામમાંથી બે જુગારીઓ પકડાયા : ત્રણ ફરાર

ડભોડા પોલીસને ચોક્કસ બાતમી મળી હતી કે ગોળવંટા ગામમાં તળાવ પાસે કેટલાક શખ્સો ટોળું વળીને જુગાર રમી રહ્યા છે. આ બાતમીના આધારે ડભોડા પોલીસની ટીમે બાપની વાળા સ્થળે દરોડો પાડયો હતો. પોલીસને જોઈને અડ્ડા ઉપર નાસભાગ મચી જવા પામી હતી. પોલીસે કોર્ડન કરીને જુગારીઓ પૈકી બે શખ્સોની ધરપકડ કરી લીધી હતી જયારે ત્રણ શકુનીઓ નાસી છૂટવામાં સફળ રહ્યા હતા.

પોલીસે વિક્રમ સેંધાજી ઠાકોર અને મહેશ રમણજી ઠાકોર નામના બંને શખ્સોની રૂ.૩૫૨૦ ના રોકડ મુદ્દામાલ સાથે ધરપકડ કરી લીધી છે. તો બીજી તરફ નાસી છૂટેલા અન્ય ત્રણ જુગારીઓ અંગે પૂછપરછ કરતા ત્રણેય જુગારીઓને નામ બહાર આવ્યા છે. જેમાં પ્રકાશ ઉર્ફે ટીકુ અરવિંદ પટેલ, કનું ઉર્ફે ઘંટી ઉમેદજી ઠાકોર અને કાળાજી ખોડાજી ઠાકોર પોલીસ રેડ દરમિયાન ભાગી ગયા હોવાનું જાણવા મળ્યું છે. ડભોડા પોલીસે કાયદેસરની કાર્યવાહી કરીને ફરાર થઈ ગયેલા આરોપીઓની ધરપકડ માટે કવાયત શરૂ કરી છે.

# કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા રાંધેજા ખાતે મહિલાઓ માટે વૈજ્ઞાનિક પશુપાલન તાલીમ પ્રશિક્ષણ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૧૫

કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા રાંધેજા ખાતે તા.૧૫-૬-૨૦૧૮, શુક્રવારના પ્રશિક્ષણ કાર્યક્રમમાં રાંધેજાના પશુપાલકો બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા. જેમાં મહિલા પશુપાલકોની વિશેષ હાજરી હતી. વ્યવસ્થા અને માવજત, પશુઓમાં જોવા મળતા રોગો અને તેને અટકાવવાના ઉપાયો જેવા વિષયો પર માર્ગદર્શન આપ્યું હતું.



રોજ વૈજ્ઞાનિક પશુપાલન પ્રશિક્ષણ કાર્યક્રમ યોજાયો. આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને કામધેનુ યુનિવર્સિટીના માન. કુલપતિ ડૉ.પી.એચ. વાટલિયા અને મુખ્ય અતિથિ તરીકે પશુપાલન વિભાગનાં માન. અધિક નિયામક ડૉ. ફાલ્ગુની એસ. ઠાકર ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ડૉ. પી.એચ. વાટલિયાએ પશુપાલક મહિલાઓને શહેરી જનજીવનમાં ગામડાઓનો ગ્રામ્યનો ફાળો અને ગ્રામ્ય ઉત્થાન માટેનું માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. વધુમાં મહિલા સશક્તિકરણમાં પશુપાલનનાં મહત્વ ઉપર વિશેષ ભાર મુક્યો હતો. આ પ્રસંગે ડૉ. ફાલ્ગુની ઠાકરે પશુપાલનમા મહિલાઓનો ફાળો અને સરકાર તરફથી મળતી વિવિધ યોજનાઓ વિશે માહિતગાર કર્યા હતા. તેમણે પશુપાલન ક્ષેત્રે મળતી નિ:શુલ્ક પશુસારવાર વિશે માહિતી આપી હતી. આ કાર્યક્રમમાં કામધેનુ યુનિવર્સિટીના પ્રોજેક્ટ ઓફિસર ડો. પી. પી. પટેલ અને રાંધેજા ગામના સરપંચ જશુભાઈ પરમાર ઉપસ્થિત રહ્યા હતા.

આ વૈજ્ઞાનિક પશુપાલન કામધેનુ યુનિવર્સિટીના જુદા-જુદા વિષય નિષ્ણાંતો દ્વારા પશુપાલકોને પશુપોષણ, પશુ પ્રજનન, પશુ પશુપાલકોના પ્રશ્નોના નિષ્ણાતો દ્વારા સંતોષકારક જવાબ આપવામાં આવ્યા હતા.



## કોબા ખાતે શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાયો

આજરોજ કોબા ગામની જી.ડી.એમ. તેમજ એચ.એન.જે.કોબાવાલા સ્કુલ ખાતે સવારના સમયે શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં દર્શનભાઈ દવે, જિલ્લા તિજોરી અધિકારી, આઈ.બી.વાઘેલા મહામંત્રી ભાજપ, તેમજ ગામના સરપંચ યોગેશભાઈ.બી.નાયી તથા દશરથભાઈ પટેલ ટ્રસ્ટી, શાળાના આચાર્ય વિષ્ણુભાઈ પટેલ નવાકોબા પ્રાથમિક શાળાના આચાર્ય હસમુખભાઈ પ્રજાપતિ તેમજ જુના કોબાના આચાર્ય નીરૂબેન પટેલ, સહિત શિક્ષકગણ અને ગ્રામપંચાયતના સભ્યો, તલાટી રમેશભાઈ પટેલ અને ગામના આગેવાનો હાજર રહ્યા હતા.ગામના ધોરણ-૧માં વિદ્યાર્થીઓને શાળા પ્રવેશ કરાવ્યો હતો. જયારે આંગણવાડી બાળકોને રમકડા અને દાતા તરફથી બાળકોને ગણવેશ આપવામાં આવ્યો હતો. સરપંચ યોગેશભાઈ નાયી દ્વારા સરકરાની તમામ યોજનાઓમાં બાળકો ફરજીયાત પ્રાથમિક શિક્ષણથી ઉચ્ચ સ્થાને પહોંચી શકાય તથા બાળકો આવતીકાલના દેશના સારા નાગરીકો છે તેમ જણાવ્યું હતું.

# કોલવડામાં ઘરકામ કરતી પરણિતાને કરંટ લાગતા મૃત્યુ

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર નજીક આવેલા કોલવડા ગામમાં પાંડવ નગર વિસ્તારમાં રહેતી ૨૬ વર્ષીય પરિણીતા શીતલબેન સંજયસિંહ વાઘેલાને આજે સવારના સુમારે પોતાના ઘરે જ ઘરકામ કરતી વખતે છૂટો થઈ ગયેલો વીજવાયર અડકી જતાં કરંટ લાગ્યો હતો. જીવંત વીજ વાયર સાથે ચોંટી ગયેલી પરિણીતા શીતલબેનને ગંભીર હાલતમાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવાયા હતા પરંતુ શીતલબેન હોસ્પિટલમાં પહોંચી તે પહેલા રસ્તામાં જ તેમનું પ્રાણપંખેરૂ ઉડી ગયું હતુ. શીતલબેન એક દીકરો અને એક દીકરીની માતા હતા. વીજકરંટથી શીતલબેનના મૃત્યુના સમાચારને પગલે આ પંથકમાં શોકની લાગણી છવાઈ ગઈ હતી. આ ઘટનાની જાણ પેથાપુર પોલીસને થતાં જમાદાર દિલીપસિંહ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા.

# દહેગામ નગરપાલિકાના ઉપપ્રમુખ પદે ગીતાબેન રાઠોડની નિમણૂક

ગાંધીનગર, તા. ૧૫

ભારતીય જનતા પાર્ટી ગાંધીનગર જિલ્લાના દલિત આગેવાન નરસિંહભાઈ પરમાર(પૂર્વ મંત્રી),નરેન્દ્રભાઈ પરમાર (પૂર્વ ઉપપ્રમુખ), સુરેશભાઈ સેનવા(પૂર્વમંત્રી), નિલેષભાઈ આચાર્ય (અનુ.જાતિ મોરચા પ્રમુખ),દ્વારા જણાવવામાં આવે છે કે ભારતીય જનતા પાર્ટી ગાંધીનગર જિલ્લાના પ્રમુખ નૈલેશભાઈ શાહ તેમજ તેમની ટીમને દહેગામ નગરપાલિકામાં દલિત મહિલા ઉમેદવાર ગીતાબેન નરેશભાઈ રાઠોડની ઉપપ્રમુખ તરીકે સર્વ સંમતિથી નિમણુંક કરી તે બદલ અભિનંદન સહ શુભેચ્છાઓ પાઠવી છે. જયારે આઝાદીના ૭૦ વર્ષ પછી છેલ્લા ૨૫ વર્ષથી દહેગામ નગરપાલિકામાં એક ટર્મ બાદ કરતા ભારતીય જનતા પાર્ટીનું શાસન રહેલું છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સૌનો સાથ સૌનો વિકાસ સુત્રને સાર્થક કરતા તેમજ સંવેદનશીલ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને નિર્ણયલક્ષી નાયબ મુખ્યમંત્રીનો પણ ગાંધીનગર જિલ્લા દલિત આગેવાનો તથા સમગ્ર ટીમ આભાર વ્યકત કરે છે. સાથેસાથે જિલ્લા મહામંત્રી આઈ.બી. વાઘેલા, અનિલભાઈ પટેલ, નાથુભાઈ ચૌધરી, તથા દહેગામ શહેર મંડળના પ્રભારી અનિલસિંહ વાઘેલા નો પણ હદયથી આભાર વ્યકત કર્યો છે.

# રાજયભરમાં ડ્રાઈવીંગ લાયસન્સના ઈ-પેમેન્ટની પ્રક્રિયા વિનામૂલ્યે ઉપલબ્ધ

ગાંધીનગર, તા. ૧૫

રાજયમાં વાહન વ્યવહારની પ્રક્રિયા સરળ બને અને નાગરિકોને ઝડપથી સેવાઓ ઉપલબ્ધ થાય તે માટે વાહન વ્યવહાર વિભાગે અનેક નવતર અભિગમો દાખવ્યા છે. જેના ભાગરૂપે રાજ્યભરમાં ડ્રાઈવીંગ લાયસન્સના ઈ-પેમેન્ટની પ્રક્રિયા વિનામૂલ્યે પૂરી પાડવામાં આવશે, એમ વાહન વ્યવહાર કમિશનરશ્રીની યાદીમાં જણાવાયું છે.

ડ્રાઈવીંગ લાયસન્સના ઈ-પેમેન્ટની પ્રક્રિયાની શરૂઆત પાટણ આર.ટી.ઓ.થી કરાઈ હતી. જેની વ્યાપક સફળતાને પરિણામે આ સુવિધા અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત સહિત ૩૨ જિલ્લાઓમાં શરૂ કરવામાં આવી છે.

સાથે સાથે લાયસન્સ સંબંધી તમામ કામગીરી ડોક્યુમેન્ટ અપલોડીંગ, એપોઈન્ટમેન્ટ પરીક્ષા, ટેસ્ટ સ્ટ્રેક, સ્માર્ટકાર્ડ સહિતની કામગીરી સો ટકા ઓન લાઈન થઈ ગઈ છે.

**ટચુકડી જાહેર ખબર**
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

**ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯**

**અધિસુચના**

**નગર રચના યોજના ઉંઝા નં.૧ (પ્રથમ ફેરફાર)**

**પ્રારંભિક યોજના**

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૫૨ની પેટા કલમ (૧)ની જોગવાઈ અનુસાર તેમજ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯ના નિયમ-૨૬ના પેટા નિયમ (૯) મુજબ નગર રચના અધિકારી તરીકેના મારા પ્રારંભિક યોજના અંગેના નિર્ણય તા. ૧૫/૬/૨૦૧૮ને શુક્રવારના રોજ જાહેર કરેલ છે.

સદરહુ કાયદાની કલમ-૫૨ની પેટા કલમ(૨) તેમજ કલમ-૬૪ની જોગવાઈ અનુસાર પ્રારંભિક યોજના સરકારશ્રીમાં મંજુરી માટે સાદર કરવામાં આવી રહેલ છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમ-૧૯૭૯ના નિયમ(૨૬)ના પેટા નિયમ(૯)ની જોગવાઈઓ અનુસાર નગર રચના અધિકારી તરીકે જે તે પ્લોટો માટે લીધેલા મારા નિર્ણયોના ઉતારા નમુના 'ઠ'ની અંદર સ્કીમમાં આવતી દરેક જમીનના માલિકોને તેમજ તેમા હિત સંબંધ ધરાવનાર વ્યક્તિઓને પહોંચાડવાની તજવીજ કરવામાં આવી રહેલ છે.

તૈયાર કરવામાં આવેલ ઉપરોક્ત પ્રારંભિક યોજનાની સંપૂર્ણ માહિતી, નકશાઓ તેમજ નિર્ણયોની એક નગર નગર રચના અધિકારીશ્રીની કચેરીમાં જાહેર રજાના દિવસો સિવાય કચેરી સમય દરમિયાન નિરીક્ષણ કરવા માટે ખુલ્લી રાખવામાં આવેલ છે. સદરહુ યોજનાની સમજણ આપવા માટે કચેરીમાં જરૂરી યોગ્ય વ્યવસ્થા કરવામાં આવેલ છે.

સ્થળ : મહેસાણા
તારીખ : ૧૫/૬/૨૦૧૮
કચેરીનું સરનામું :
નગર રચના અધિકારીની કચેરી
મહેસાણા અને ઉંઝા,
મહેસાણા નગરપાલિકા બિલ્ડીંગ,
રંગમહેલ, મહેસાણા-૩૮૪૦૦૧

સહી/- (જે. પી. પટેલ)
નગર રચના અધિકારી
નગર રચના યોજના
ઉંઝા નં.૧(પ્રથમ ફેરફાર)
નગર રચના યોજનાઓ

ક્રમાંક: નામાનિ/મહે/૧૧૫/૨૦૧૮-૧૯